Seat No. ________ No. of printed pages: 03

[A-10]

# SARDAR PATEL UNIVERSITY
**FYBA Examination (External)**
**Friday, 05 April, 2019**
**10.00 am to 01.00 pm**
**TR101: Translation**

**Total Marks: 100**

પ્ર ૧ આનુવાદ માટે પ્રયોજાયેલા વિવિધ શબ્દો જેવા કે ભાષાંતર, તરજુમો, આનુવાદની સ્પષ્ટતા કરી આનુવાદના પ્રયોજનની ચર્ચા કરો.

અથવા (૨૦)

પ્ર ૧ મુદાસર નોંધ લખો.

૧. અનુવાદની પ્રક્રિયા: કલાની કે શાસ્ત્રોની

૨. સારા અનુવાદના ધોરણો

પ્ર ૨ (અ) નીચે દર્શાવેલા શબ્દોના ગુજરાતી તથા હિન્દી અર્થ લખો. (ગમે તે પંદર) (૧૫)

1. Apartment
2. Bed Room
3. Cartoon
4. Biography
5. Appointment
6. Editorial
7. Control Room
8. Identity Card
9. Interview
10. Mission
11 Founder
12. Waiting List
13 Chairman
14. Judge
15 News Paper
16. Defence
17 Reservation
18. Nickname
19 Equipment
20. Vagabond

પ્ર ૨ (બ) નીચે આપેલા શબ્દાસમૂહ અને ટૂંકા રૂપના ગુજરાતી અને હિન્દી અર્થ તથા વિસ્તૃત રૂપ લખો. (ગમે તે પાંચ) (૧૫)

1. Turning Point
2. Break one's heart
3. Tug of war
4. Like father like son
5. Burning desire
6. NCC
7. AIR
8. IAS
9. LIC
10. GPSC

પ્ર 3 Translate the following paragraph into Gujarati (13)

Driving through a forest early in the morning, you are likely to encounter what at first sight seems to be a group of hunched, old men in silver-grey shawls, sitting by the track, as if waiting for a bus, or, more hopefully, for some kind of soul to bring them their hookahs. But hunched old men do not have long curving tails, gracefully arching over their backs, and are rarely so slim and lithe. When they turn their coal-black faces to look at you hopefully, stretching out their hands for a fistful of gram or peanuts, you feel bad if you do not have anything to offer them. Unlike their thug-like compatriots, the rhesus macaques, they seem genteel and well-mannered. They are, of course, grey or Hanuman langurs, commonly found all over the country.

**OR**

(P.T.O)

We play sports to win trophies, which essentially mean "a spoil or prize of war". In ancient Greece, it referred to spoils or arms taken in battle and set up on the field and dedicated to a God. Trophy, from the Greek *tropaion,* meaning "monument of an enemy's defeat" is a phrase which would roll down easily from the tongue of a modern sport commentator. After all, Ravi Shastri's favourite and clichéd metaphor was a tracer bullet. But the relationship between sports and war runs deeper. Sports is a condensed version of war – only it matters less. George Orwell, who made the point, has this rather telling thing to say about sports: "Serious sport has nothing to do with fair play. It is bound up in hatred, jealousy, boastfulness, disregard for all rules and sadistic pleasure in witnessing violence: in other words, it is war minus the shooting.

પ્ર ૪ નીચેના પરિચ્છેદનો અંગ્રેજી માં અનુવાદ કરો. (૧૨)

એકબીજા થી આગળ નીકળવાની હોડમાં આજે બધા જ દેશો જાણ્યે-અજાણ્યે પૃથ્વીને નુકશાન કરી રહ્યા છે, જેના લીધે આવનારા સમયમાં પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં છે. ૯૫ દેશ ના નિષ્ણાતોએ એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટ મુજબ છેલ્લા પચાસ વર્ષોમાં થયેલા અતિશય વસ્તી વધારાના લીધે પીવાના ચોખ્ખા પાણી અને ચોખ્ખી હવાને સૌથી વધુ નુકશાન પાછોચ્યું છે. પશુ-પક્ષીઓની ત્રીસ ટકા જેટલી પ્રજાતિઓ લુપ્ત થવાના આરે છે. ખેતી માટે છેલ્લા પચાસ વર્ષોમાં ઘણી બધી જમીન સમથલ કરવામાં આવી. તેના લીધે જંગલો અને તળાવો એ ભારે નુકસાન સહન કર્યું છે. પૃથ્વી પરના વાતાવરણ પર પણ એની ખુભ જ અસર પડી છે. ધ્રુવીય પ્રદેશોની મોટી મોટી શિલાઓ પીગળવાથી સમુદ્રના પાણીનું સ્તર પણ વધી રહ્યું છે. પૃથ્વી પર જીવન માટેની મૂળભૂત જરૂરિયાતો માનવમાં આવતી જૈવિક વિવિધતા નષ્ટ થઈ રહી છે. આપણે આપણી આવનારી પેઢીનેએવી પૃથ્વી ભેટમાં આપીશું, જેના પર રહેવું તેમના માટે અસંભવ હશે. બધા જ દેશોએ પૃથ્વી પર દયા કરવી જોઇયે, જેથી આવનારી પેઢી પણ પૃથ્વીનું સારું સ્વરૂપ જોઈ શકે.

અથવા

અર્થતંત્રમાં બચત અને મૂડીરોકણ માટેનું સાનુકૂળ વાતાવરણ સર્જીને નાણાકીય નીતિ આર્થિક વિકાસ માટે મદદરૂપ થઈ શકે છે. સસ્તા નાણાંની નીતિ દ્વારા તે ધિરાણનું ખર્ચ ઘટાડી શકે છે અને એ રીતે વધુ મૂડીરોકણ કરવા માટે નિયોજકોને પ્રોત્સાહિત કરી શકે છે. એ જ રીતે વિવિધ પ્રકારની નાણાકીય સંસ્થાઓની રચના કરીને મૂડીસર્જન માટે સાધનો એકત્રિત કરવામાં સહાયભૂત થઈ શકે છે, તથા ખાધપુરક નાણાતંત્રના ઉપલબ્ધ કરવી શકે છેં. વધુમાં,અર્થતંત્રમાં મૂડીરોકાણનું સ્વરૂપ નક્કી કરવા માટે પણ તે એક અસરકારક સાધન છે. એ જ રીતે તફાવતની વ્યાજના દર દ્વારા તથા ગુણાત્મક શખનિયંત્રણના પગલાં દ્વારા મૂડીરોકણના માળખાને ઇચ્છિત દિશા તરફ વળવામાં ઓન તે સહાયભૂત થાય છે. તથા લેણદેણની તુલના અસંતુલનની પરિસ્થિતિને પહોંચી વળવામાં અને વિનિમયદરની સ્થિરતા જાળવવામાં પણ તે મહત્વનુ પ્રદાન આપી શકે છે.

પ્ર ૫ નીચેના પરિચ્છેદનું ગુજરાતીમાં અનુવાદ કરો. (૧૨)

દહેજ એટલે લગ્નપ્રસંગે વરપક્ષને કન્યાપક્ષ તરફથી અપાતી ભેટસોગાદો. એમાં રોકડ રકમ ઉપરાંત ફ્રીજ, ટીવી, વોશીંગ મશીન, કબાટ, સ્કૂટર, સોના-ચાંદીના દાગીના, વાસણો, ગાદલા, પલંગ જેવી ચીજવસ્તુઓની સમાવેશ થાય છે. જમાઈરાજે કન્યાના માતા-પિતા પર મોટો ઉપકાર કર્યો હોય એમ કન્યાપક્ષે તેની અવિચારી માગણીઓ કાયમ સંતોષતા રહેવુ પડે છે. અમુક મુરતિયાઓ દહેજ રૂપે 'કાર' ની માગણી કરે છે. તો કેટલાક મુરતિયાઓ પોતાના પરદેશગમનનો ખર્ચ માગી લે છે. જે સ્ત્રીની સાથે જિંદગીભરનો સંબંધ સ્થપાય છે, જિંદગીભર જેના દુઃખે દુઃખી અને જેના સુખે સુખી રહેવાનું છે, તેના જ માતા-પિતા પાસેથી નફટાઈપૂર્વક માગણીઓ કરતાં રહેવું, એ નરી ક્રૂરતા જ છે. દહેજ માગવું અને લેવું, બંને પાપ છે. દીકરીના માતા-પિતા એકવાર દહેજ આપી દે, તેનાથી વરપક્ષની લાલસા શમી જતી નથી. કન્યાના લગ્ન થઈ ગયા પછી પણ તેના સાસરિયા તરફથી અવારનવાર જાતજાતના બહાના આગળ ધરીને સતત નાણાં યા ચીજવસ્તુઓની અઘટિત માગણીઓ થતી જ રહે છે. જો આ

માગણીઓ સંતોષવામાં ન આવે તો સાસરિયા દ્વારા તેને અનેક પ્રકારનો માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવે છે. પિતૃપક્ષની આબરૂ સાચવવા માટે બિચારી દીકરી આવી યાતનાઓ મૂંગે મોંએ સહન કરતી રહે છે. જ્યારે તેની સહનશક્તિની હદ આવી જાય છે, ત્યારે તે ચૂપચાપ આત્મહત્યા કરી લે છે. કેટલીક વાર સાસરે આવેલી કન્યાને માનસિક અને શારીરિક ત્રાસ આપીને રીતસર મારી નાખવામાં પણ આવે છે.

અથવા

આપણા દેશના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં વસતા લોકોના પહેરવેશ, ધર્મ, ભાષા, રીતરિવાજો વગેરેમાં જરૂર ભિન્નતા પ્રવર્તે છે. આમ છતાં 'સમગ્ર ભારત એક છે અને આપણે બધાં ભારતમાતાના સંતાનો છીએ' એ ભાવના આપણા મનની મુખ્ય સંવેદના બની રહી છે.પરદેશી હુમલાઓ થવા છતાં ભારતની સામાજિક, સાંસ્કૃતિક અને ભાવનાત્મક એકતા કાયમ ટકી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી રાષ્ટ્રીય એકતાની ભાવનામાં ઓટ આવી હોય એમ લાગે છે. ભાષા,રાજ્યોની સીમા, નદીઓના પાણી, ધર્મ કે કોમને નામે થતા વિખવાદો અને અલગ રાજ્યોની માગણીઓ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને શિથિલ બનાવી રહ્યા છે, પરિણામે દેશના વિકાસ પર વિઘાતક અસર થઈ રહી છે.

હું પ્રથમ એક ભારતીય છું, ભારત મારી માતા છે અને તમામ દેશવાસીઓ મારા ભાઈ-બહેન છે, એ ભાવના દરેક નાગરિકના દિલમાં કોતરાઈ જવી જોઈએ. વિદ્યાર્થીઓના માનસમાં રાષ્ટ્રીય ભાવનાનું સિંચન કરીશું તો રાષ્ટ્રીય એકતાનો પાયો સંગીન થશે. શિક્ષણસંસ્થાઓ એમાં નોંધપાત્ર યોગદાન આપી શકે. તે યુવકમહોત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી જેવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના ખીલવવામાં મહત્વનો ફાળો આપી શકે. રેડિયો, દૂરદર્શન તેમજ ફિલ્મનિર્માતાઓએ આ બાબતમાં નોંધપાત્ર ફાળો આપવો જોઈએ. રાષ્ટ્રીય એકતાની ભાવનાને પોષક નીવડે એવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને સાહિત્યને પૂરેપૂરું ઉત્તેજન આપવું જોઈએ. ભિન્ન ભિન્ન ભાષાઓ, ધર્મો અને જ્ઞાતિઓના લોકો એક સૂત્રે ગુંથાઈને રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરે એ માટે આપણે પ્રામાણિક પ્રયત્નો કરવા પડશે.

પ્ર ૬ निम्न लिखित परिच्छेद का गुजराती में अनुवाद कीजिए। (१३)

भारत प्राचीन देश है। यहाँ की अपनी परंपराएँ हैं, समृद्ध जीवन-शैली है। प्रेम, पारिवारिकता और अध्यात्म - यहाँ के मूल आधार हैं। यहाँ धन को नहीं, ज्ञान को सम्मान मिलता है; व्यक्ति को नहीं, परिवार को महत्व दिया जाता है; प्रतियोगिता नहीं, सहयोग और प्रेम के आधार पर जिया जाता है। यहा मंथर और सुशांत गति से जीना सिखाया जाता है, सबको पछाड़कर आगे बढ़ना नहीं। परंतु जबसे भारत में पश्चिमी संस्कृति का बोलबाला हुआ, हमारे आदर्श बदल गये। हमने पूरी दुनिया को मुठ्ठी में करने के सपने देखना शुरू कर दिए। हमने विदेशी आक्रमणकारियों की जीवन-शैली को अपनाया। अपनी संस्कृति को कूड़े-कचरे का ढेर समझ लिया और पश्चिमी सभ्यता को अमृत समझ लिया। परिणामस्वरूप परिवार टूटने लगे। व्यक्ति-जीवन का अहंकार और प्रगति हमारे मूलमंत्र हो गए। हम मनुष्य से अधिक महत्व सांसारिक पदार्थों को देने लगे। हम भी भौतिक प्रगति के अंधे कुएँ में भटकने लगे। हमने अपने माता-पिता, रिश्ते-नाते और प्रेम प्यार को व्यर्थ समज लिया। हम भी मशीनीकरण की होड़ में अन्धे हो गये। परिणाम यह हुआ कि आज भारत अपनी सांस्कृतिक पहचान खोता जा रहा है। हम भी अंग्रेज दीखने की होड़ में नकली जीवन जी रहे हैं।

अथवा

भ्रष्टाचार का मतलब है - भ्रष्ट आचरण। रिश्वत, कामचोरी, मिलावट, कालाबाज़ारी, मुनाफाखोरी, भाई-भतीजावाद, जमाखोरी, अनुचित कमीशन लेना, चोरों-अपराधियों को सहयोग देना आदि सब भ्रष्टाचार के रूप हैं। दुर्भाग्य से आज भारत में भ्रष्टाचार का बोलबाला है। चपरासी से लेकर प्रधानमंत्री कार्यालय तक सब भ्रष्टाचार के दल-दल में लथपथ हैं। लज्जा की बात यह है कि स्वयं सरकारी मंत्रियों ने करोडों-अरबों के घोटाले किए हैं। भ्रष्टाचार फैलने का सबसे बड़ा कारण है- प्रबल भोगवाद। हर कोई संसार-भर की संपत्ति को अपने पेट, मुँह और घर में भर लेना चाहता है। दूसरा बड़ा कारण है- नैतिक,. धार्मिक या आध्यात्मिक शिक्षा का अभाव। अन्य कुछ कारण हैं- भूख, ग़रीबी, बेरोज़गारी आदि। भ्रष्टाचार को मिटाना सरल नहीं है। जब तक कोई ईमानदार शासक प्रबल इच्छा शक्ति से भ्रष्टाचार के गढ़ को नहीं तोड़ता, तब तक इसे सहना होगा। इसके लिए भी शिक्षकों, कलाकारों और साहित्यकारों को अलख जगानी होगी।

*******X*******